Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મૂરખ માથે શિંગડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या .....

पञ्जिका संख्या .....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાના મોટા દરેકને ખડખડાટ હસાવતા મૂરખરાજ.

મૂરખ માથે શિંગડાં

(સચિત્ર)



: લેખક :

શ્રી. રમણુલાલ પી. સોની

સ્ટાક ક્રમાંકીકરણ ૧૧૮૬-૧૧૮૫
CHECKED 1975
Initial

કિંમત આઠ આના

એન. એમ. ઠક્કરની કંપની
બુકસેલર્સ : પબ્લિશર્સ
૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
નંદલાલ મોહનલાલ હક્કર
એન. એમ. હક્કરની કું.
૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨

પ્રથમ આવૃત્તિ
૧૯૫૦

મુદ્રક :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ
શ્રી લક્ષ્મી ઇલેકટ્રીક પ્રિં. પ્રેસ,
મોદીખાના રોડ, વડોદરા.
૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુરબ્બી શ્રી મૂરખલાલ !

અહીં આપની જીવનકથાનાનાં થોડાં પાનાં આપની રજાથી, રજૂ કરું છું.

આપે હંમેશાં સૌને આનંદ આપ્યો છે: જાતે ઘસાઈને, જાતે કષ્ટ વેઠીને, માર ખમીને અને માર કરતાંયે વધારે ભયાનક એવા શબ્દવેણ સહીને ! આપની એ ભવ્ય જીવનલીલાનાં આ થોડાં પાનાં પણ જરૂર સૌને આનંદ આપશે.

આપે કદી પ્રશંસાની બદલાની, કે કદરની આશા રાખી નથી : આપે માત્ર યથાશક્તિ, યથામતિ સેવા કરી છે : આપે કદી કોઇનું પડાવી લેવા, કોઇનું ખુરૂ કરવા, કોઇને નીચું જોવડાવવા કે રંજાડવા કોશિશ કરી નથી : આપે માત્ર તટસ્થભાવે, ભલાભાવે આપનું કામ કર્યું છે.

આપ કોઇ એક દેશના નથી, એક કાળના નથી, અમે જ્યાં નજર કરીએ ત્યાં આપની હાજરી દેખાય છે. ને આપનાં રૂડાં કામનો મહિમા સંભળાય છે. આપ અમારા ઘરમાં છો, મનમાં છો ને હૃદયમાં છો, પૃથ્વી પર પહેલો મનુષ્ય જન્મ્યો ત્યારે પણ આપ હતા, ને છેલ્લો મનુષ્ય મરશે ત્યારે પણ આપ હશો. આપ સર્વત્ર છો, સર્વકાળમાં છો. આપ અમર છો.

આપનો જય હો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂરખલાલને માથે શિંગડા



શ્રી રતનલાલ ઉર્ફે મૂરખલાલ

એક શહેરમાં બ્રાહ્મણ બ્રાહ્મણી રહેતાં હતાં. તેમને એક દીકરો હતો. તેનું નામ રતનલાલ. પણ રતનલાલ બુદ્ધિનો એવો બૂદ્ધો હતો કે સૌ તેને મૂરખલાલ કહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૧ :

મૂરખલાલ પેટને ઠોંસો મારી પૂછે છેઃ 'પેટ! તેં ખાધું?'



એક દિવસ રતનને ઘેર દૂધપૂરીનું જમણ હતું. રતને સારી પેઠે દૂધ પૂરી ઝાપટ્યાં હતાં. જમી કરીને એ ઊઠયો, પણ રસોડામાંથી બહાર આવે તે પહેલાં ગોવિંદો આવી પહોંચ્યો.

ગોવિંદો રતનનો ગોઠિયો હતો.

ગોવિંદાને જોઈને રતને પોતાની ફોઈને કહ્યું— 'ફોઈ, આ ગોવિંદો આયો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતનની ફોઇએ ગોવિંદાને જમવા બોલાવ્યો:

હવે ગોવિંદાએ રતનને પૂછયું: ' તેં ખાધું ? '

રતન વિચારમાં પડી ગયો. પોતે ખાધું છે કે નહિ તેની તેને ખબર નહોતી ! તેણે ફોઇને પૂછયું: ' ફઇ, મેં ખાધું ? '

ફઇએ ગમતમાં કહ્યું: ' તારા પેટને પૂછ ! '

રતન પોતાના પેટ સામું જોઇને કહે—' પેટ, પેટ, મેં ખાધું ? '

પણ પેટ કંઈ બોલ્યું નહિ.

એટલે રતન કહે—'ફઈ, પેટ તો કંઇ બોલતું નથી !'

ફઇએ હસીને કહ્યું: ' ગોદો માર, એટલે બોલશે !'

તરત રતને પોતાના પેટમાં જોરથી ઠોંસો માર્યો. ગળા લગી ઠોંસીને ખાધું હતું, એટલે ઠોંસો પડતાં, ખાધેલું બોક થઇને બહાર નીકળી ગયું ! રસોડાના ઊમરામાં જ રતનને ઊલટી થઇ ગઇ !

એકદમ રતનની મા દોડી આવી, ને રાડારાડ પાડવા લાગી: ' હાય હાય રે ! મારા રતનને શું થઈ ગયું રે ! '

માએ રતનને બોળામાં લીધો, ને વહાલથી એના માથે હાથ ફેરવવા માંડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી માએ પૂછયું: 'રતન, બેટા, શું થયું હતું?'

રતને રોતાં રોતાં કહ્યું: 'મને કોઇએ પેટમાં ઠોંસો માર્યો!'

આ સાંભળી ગોવિંદો હસી પડ્યો. તે કહે–'તેં જાતે તો તારા પેટમાં ઠોંસો માર્યો, ને કોઇએ માર્યો કહે છે?'

ફોઇથી બોલી જવાયું: 'મૂરખ!'

'મૂરખ' સાંભળી રતનની માનો મિજાજ ગયો. એ લાલ પીળી થઇ ગઇ. લાંબા લાંબા હાથ કરી તે બોલી:

'મારા રતનને તમે મૂરખ કહે છો! બતાવો તો ખરાં, આખા દેશમાં બીજું આવું રતન હોય તો! ભાઇના છોકરાને મૂરખ કહેતાં તમને શરમ નથી આવતી? નામ કૃપાળું રતનલાલ છે ને!'

ફોઇએ છિકણીનો સબડકો લેતાં લેતાં કહ્યું: 'નામ રતન પાડયું તેથી શું? રતન જેવા હોય તો રતનલાલ, નહિ તો મૂરખલાલ!'

'મૂરખલાલ? મારા છોકરાને તમે મૂરખલાલ કહો છો? ઊભાં રહો! આખું ગામ ભેગું કરું!'

આમ રાડારાડ પાડી રતનની માએ આખું ફળિયું ગજવ્યું. આડોશ પાડોશમાંથી લોકો દોડી આવ્યાં, ને શું થયું, શું થયું એમ પૂછવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતનની માએ સૌની આગળ માથું કૂટી કહ્યું : 'હાય હાય રે ! આ ફઈબા થઈને બેઠાં છે તે મારા રતનલાલને મૂરખલાલ કહે છે ! હું તો આખીને આખી બળી જઉં છું !'

એટલામાં તો વંટોળિયાની પેઠે, ફોઈ બેઠા હાથે બહાર દોડી આવી, બરાડો પાડી બોલી: 'તે મૂરખલાલ ન કહું તો શું કહું ? ઘડો ભરીને દૂધપાક ખાધો તોયે મને પૂછે છે કે ફઈ, મેં ખાધું ? મેં કહ્યું, તારા પેટને પૂછ ! તો એણે જાતે પોતાના પેટમાં ઠોંસો માર્યો, ને પછી બેઠો રોવા ! એને હું મૂરખલાલ ન કહું તો શું કહું ? હું એની ફઈ છું, હું ગમે તે નામ પાડું !'

લોકોએ આ સાંભળી હસવા માંડયું ! એટલામાં રતન આવી ફઈનો સાડલો ખેંચી બોલવા લાગ્યો– 'ફઈ ! ચાલને, મને ભૂખ લાગી છે !'

ફઈ છણુકો કરી લોકોની સામે જોઈ બોલી: 'લો જુઓ, એટલામાં અમારા રતનલાલ ભૂખ્યા થઈ ગયા !'

આ વખતે, 'રતનલાલ' શબ્દ સાંભળી સૌને હસવું આવ્યું.

રતનની મા એને ખેંચીને ઘરમાં લઈ ગઈ.

રતનલાલ ફરી પાટલે બેઠા.

તે દિવસથી રતનલાલનું નામ મૂરખલાલ પડી ગયું. અને તે જ નામે તે પ્રખ્યાત થઈ ગયો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૨ :

મૂરખલાલ માથે શિંગડાં બાંધે છે.

એક દિવસ મૂરખલાલ શેરીમાં રમતો હતો. એટલામાં એક છોકરા સાથે એને કજીયો થયો. પેલો છોકરો મૂરખને બરડામાં બે ગુંબા મારી ભાગી ગયો.

મૂરખ રોતો રોતો ઘેર આવ્યો.

માએ પૂછ્યું : 'દીકરા રતન, કેમ રૂવે છે?'

મૂરખ કહે: 'મને માર્યો!'

'કોણે માર્યો?'

'પેલાએ! ધબ ધબ બે ગુંબા મારીને નાસી ગયો!'

માએ ગુસ્સામાં કહ્યું : 'તો એને પડખામાં શિંગડાં દેવાં હતાં ને! તરત સીધો થઈ જાત!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂરખને માની વાત ગમી ગઈ. ઘરમાં એક ટોડલા ઉપર ભેંસનાં બનાવટી શિંગડાંની જોડ ટાંગી હતી.

લાકડીવતી તે નીચે પાડી, મૂરખ તે લઈને મેડા ઉપર ચડી ગયો. પછી બાપાનું નવું ધોતિયું ફાડી એણે ચીરા કર્યા, અને માથા ઉપર શિંગડાં બાંધવા માંડયાં.

એટલામાં એની મા ઉપર આવી. પહેલાં તો એને બીક લાગી કે મેડા ઉપર ભેંશ ચડી ગઈ છે, પણ પછી ભેંશનું મોઢું પોતાના દીકરાને મળતું આવતું જોઈ તે નવાઈ પામી ગઈ.

તેણે પૂછયું : 'દીકરા રતન, આ શું કરે છે?'

રતને કહ્યું: 'માથા પર શિંગડાં બાંધું છું, મા! હવે કોઈ છોકરો મને મારવા આવશે તો ઝટ દઈને એના પડખામાં આમ શિંગડાં દઈશ!'

માએ નિસાસો નાખી કહ્યું: 'અરે રામ, તું તો ખરેખરો મૂરખ પાક્યો!'

એ સાંભળી મૂરખ બોલ્યો: 'હાશ, ઠીક થયું!'

માએ કહ્યું: 'શું ઠીક થયું, મૂરખ?'

મૂરખે કહ્યું : 'આખું ગામ મને મૂરખ કહે છે, પણ એક તું મને રતનલાલ કહે છે. તેથી મને સમજ પડતી નહોતી કે હું એમાંથી કોણ છું. પણ હવે તું પણ મને મૂરખ કહે છે એટલે મારા મનમાં ખાતરી થઈ ગઈ તે હું રતનલાલ તો નથી, નથી ને નથી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૩ :

મૂરખલાલ પાવલી લઈને દાડમ લેવા જાય છે



મૂરખને એક દિવસ દાડમ ખાવાનું મન થયું. માએ એક પાવલી આપી કહ્યું : 'જા, બજારમાં જઈને મસ્કતી દાડમ લઇ આવ!'

હાથમાં પાવલી લઈ મૂરખ ગાતો ગાતો નીકળ્યો: પાવલી ચળાવલી! પાવલી ચળાવલી!

રસ્તામાં એક ગઠિયો મળ્યો. ગઠિયો કહે—કેમ રે મૂરખ! કયાં જાય છે?

મૂરખ કહે: પાવલીનું દાડમ લેવા જઉં છું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઠિયો કહે—' અરે રામ ! પાવલીનું તે કદી દાડમ આવતું હશે ! દાડમ તો આવા પૈસાનું આવે ! '

આમ કહી ગઠિયાએ ગજવામાંથી તાંબાના કાણા પૈસા કાઢીને બતાવ્યા.

મૂરખ કહે—તે પાવલીનું શું આવે ?

ગઠિયો કહે—પાવલીના આવે ચણા ! તારે ચણા ખાવા છે ? તું ચણા લેવા જાય છે ?

મૂરખ મોં બગાડી કહે—થૂ ! થૂ ! ચણા તો મને નથી ભાવતા !

ગઠિયો કહે—તો એમ કર, તારી પાવલી મને આપ, હું તને પૈસા આપું ! દશ કહે તો દશ આપું, ને બાર કહે તો બાર આપું !

મૂરખ કહે—બસ, દશ ? બસ, બાર ? એમ દશબાર-માં હું છેતરાઈ જઉં એવો નથી રોકડા ગણીને ચાર પૈસા આપે તો હું તને પાવલી આપું !

ગઠિયો કહે—ચાર પૈસા ? એટલા બધા ? રોકડા આપવાના ?

મૂરખ કહે—હા, રોકડા ! મારા હાથમાં ગણીને આપવા પડશે !

ગઠિયો કહે—ઠીક, ભાઇ, એમ ! લાવ પાવલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂરખની પાસેથી પાવલી લઇ પોતાના ગજવામાં મૂકી ગઠિયાએ કહ્યું: ' ચાલ, હાથ ધર ! હું તારા હાથમાં પૈસા રોકડા ગણી દઉં ! પાછળથી કાંઇ ગરબડ કરશે તો નહિ ચાલે ! '

મૂરખ કહે—રામ રામ કરો ! પાછળથી ગરબડ કરે એ બીજા !

આમ કહી તેણે હાથ ધર્યો.

ગઠિયાએ મૂરખના હાથમાં એક પૈસો મૂકયો, ને કહ્યું: આ એક ! પછી મૂરખના બીજા હાથમાં એક પૈસો મૂકી કહ્યું: આ બે !

પછી મૂરખના બે હાથ ભેગા કરી, ખાલી ખાલી એનો ખોબો વળાવી કહ્યું: ' હવે થયા ત્રણ ! ' પછી મૂરખના ગાલ ઉપર ધોલ મારી કહ્યું: ' અને આ ચાર ! થયાને ચાર પૈસા પૂરા ? '

મૂરખ ગાલ પસવારતો બોલ્યો: ' હા, થઇ ગયા ! '

તરત ગઠિયો અલોપ થઇ ગયો.

મૂરખ આગળ ચાલ્યો. થોડે ગયા પછી તેણે મૂઠીઓ ઉઘાડી જોયું તો એમાં રોકડા બે પૈસા હતા ! તેને નવાઇ લાગી કે હમણાં ચાર પૈસા મેં રોકડા ગણીને લીધા છે, ને એટલામાં બે કેમ થઇ ગયા ? એને કંઇ સમજ પડી નહિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે પૈસા લઈને એ બજારમાં ગયો. પણ દાડમવાળાએ કહ્યું: 'એક દાડમની પાવલી પડશે. બે પૈસામાં દાડમ નહિ આવે!'

મૂરખે પૂછ્યું: 'તો બે પૈસામાં શું આવશે?'

દુકાનવાળાએ કહ્યું: 'ચણા!'

મૂરખે મોં બગાડી કહ્યું: 'થૂ! થૂ! ચણા તો મને નથી ભાવતા!'

દુકાનવાળાએ કહ્યું: 'તો મજા કરો!'

મૂરખ કહે—'વાત સાચી! બે પૈસા લઈને હું મજા કરું!'

પૈસા હાથમાં રમાડતો ને ઉછાળતો એ ઘર તરફ આવવા નીકળ્યો.

સાંજ પડી ગઈ હતી. અંધારું થવા આવ્યું હતું. રમતાં રમતાં રસ્તામાં એક પૈસો પડી ગયો!

મૂરખ રસ્તાની ધૂળમાં પૈસો શોધવા બેઠો, પણ અંધારામાં એને કંઈ દેખાતું નહોતું.

એટલામાં ત્યાં થઈને એક માણસ નીકળ્યો. મૂરખને જોઈ એણે પૂછ્યું: 'કેમ રે મૂરખ! અહીં બેઠો બેઠો શું કરે છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂરખ કહે—'મારો પૈસો પડી ગયો છે તે શોધું છું!'

પેલો માણસ ખડખડ હસી પડયો. પછી કહે: 'અરે ભલાદમી! પૈસો પડી ગયો તે કાંઇ આવા અંધારામાં શોધાય? અજવાળામાં શોધીએ તો વખતે જડે!'

મૂરખે કાનની બૂટ પકડીને કહ્યું: વાત તો ખરી!

થોડે દૂર રસ્તામાં એક ફાનસ ઊભું હતું. તેની પાસે આવતાં મરખને પેલા માણસની સલાહ યાદ આવી કે અજવાળામાં શોધીએ તો જડે!

મૂરખ એકદમ ફાનસની નીચે બેસી ગયો ને ફાનસના અજવાળામાં પોતાનો ખોવાયેલો પૈસો શોધવા લાગ્યો.

એટલામાં વળી એક બીજો માણસ આવી ચડયો. તે કહે—'અરે મૂરખલાલ! અહીં શું કરો છો?'

મૂરખ કહે—'મારો પૈસો પડી ગયો છે તે શોધું છું.'

'પૈસો? કેવો પૈસો હતો?'

'બરાબર આવો!' આમ કહી મૂરખે હાથની મૂઠી ઉઘાડી બાકી રહેલો એક પૈસો દેખાડયો.

પેલો માણસ કહે—બરાબર આવો જ પૈસો હતો?

મૂરખ કહે—હા, આવો જ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આવો જ ગોળ ?'

'આવો જ ગોળ !'

'આવો જ કાણો ?'

'આવો જ કાણો !'

'આવો જ રાતો ?'

'આવો જ રાતો !'

'તો આ જ પૈસો એ નહિ ?'

મૂરખ વિચારમાં પડી ગયો.

પછી પેલા માણસે કહ્યું: 'આજ એ પૈસો ! કાંઇ સમજ પડે છે કે નહિ ? શું કહ્યું મેં ?'

મૂરખે કહ્યું : 'હા, હા, આ જ એ પૈસો !'

પેલા માણસે કહ્યું: 'હવે કેમ જડી ગયોને તારો પૈસો ? ચાલ, ખુશ થા !'

મૂરખે ખુશ થઇ ત્રણ ઠેકડા માર્યા.

પછી તેણે ઘર તરફ જવા માંડયું, ત્યાં પેલા માણસે એને રોકીને કહ્યું: 'અરે ભલાદમી ! મેં તારો ખોવાયેલો પૈસો શોધી આપ્યો, અને તું મને રાજી કર્યા વગર જતો રહે છે ! મને કંઇક ઇનામ તો આપતો જા !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરખે કાન ખંજવાળી કહ્યું : ' હા, ઇનામ તો આપવું જોઇએ ! લો આ પૈસો ! હવે રાજી ? '

પેલો માણસ કહે—' રાજી ! '

બંને છૂટા પડ્યા. મૂરખની પાસે હવે કંઈ રહ્યું નહોતું. પણ એક નવાઈ એના મગજમાં રહી ગઈ હતી કે મેં દાડમ ખાધું નથી, ચણા યે ખાધા નથી, ત્યારે પાવલી ગઈ ક્યાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૪ :

મૂરખલાલ ડાહીના બુઢિયો બને છે !

એક દિવસ માએ મૂરખને કહ્યું: 'જો બેટા ! જે કરીએ તે વિચાર કરીને કરીએ. નહિતો લોકો આપણને મૂરખ કહે.'

મૂરખ કહે—'તે કહે છે જ તો !'

મા કહે—'પણ શા માટે કહે ? આપણે જે કરીએ તે વિચાર કરીને કરીએ તો કોઈ આપણને મૂરખ ન કહે !'

મૂરખ વિચારમાં પડી ગયો. થોડી વાર પછી તે કહે—'મા, લોકો આપણને મૂરખ કહે તે સારું કે ન કહે તે સારું ?'

માએ કપાળ કૂટી કહ્યું: 'આટલીયે તારામાં અક્કલ નથી, મૂરખ !'

માએ પોતાને મૂરખ કહ્યો એટલે મૂરખે મનમાં ગાંઠ વાળી કે લોકો આપણને મૂરખ કહે તે સારું ! તેથી તે બોલ્યો : 'હવે હું સમજી ગયો, મા !'

માએ ફરીથી યાદ દેવડાવતાં કહ્યું: 'મેં શું કહ્યું, બેટા ? જે કરવું તે વિચાર કરીને કરવું !'

'બરું મા !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે મૂરખે માની પાસે જઈને કહ્યું: 'મા, મારે એક સવાલ પૂછવો છે!'

મૂરખને ઠાવકાઈથી બોલતો જોઈ માને થયું કે દીકરો ડાહ્યો થઈ ગયો. તેથી તેણે દીકરાને બોળામાં લઈ વહાલથી તેના માથા ઉપર હાથ ફેરવતાં કહ્યું: 'શું પૂછવું છે, બેટા?'

મૂરખે પૂછયું: 'હેં મા, મારા બાપાને મૂછો છે, કાકાને મૂછો છે, ને તને કેમ નથી?'

માને આ સવાલ ગમ્યો નહિ. તેનું મોં પડી ગયું છતાં તેણે ધીમેથી જવાબ દીધો: 'સ્ત્રીઓને મૂછો ન હોય!'

એકદમ મૂરખ બોળામાંથી ઊઠીને જતો રહ્યો.

થોડીવાર પછી મૂરખ ફૂદાકૂદ કરતો ઘરમાં આવ્યો ને રોતો રોતો બોલવા લાગ્યો: 'હું નથી પહેરવાનો ફરાક, મને નથી ગમતી ઓઢણી!'

માએ નવાઈ પામી કહ્યું: 'અલ્યા, શું છે આ?'

પશાકાકા મને ફરાક અને ઓઢણી પહેરવાનું કહે છે. કહે છે તને મૂછો નથી, માટે તું છોકરી છે!'

માએ કહ્યું: 'અરે, મૂરખ! નાનાં છોકરાંને મૂછો ન હોય એટલું પણ તું સમજતો નથી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂરખે તરત પૂછ્યું : 'તો નાનાં છોકરાંને મોઢું શા માટે હોય છે ?'

માએ ચિડાઈને કહ્યું : 'રોવા !'

મૂરખે વિચાર કરીને કહ્યું : 'અને ખાવા નહિ ?'

'તો ખાવા !'

'ખાવા' સાંભળીને મૂરખલાલને એકદમ ભૂખ લાગી ગઈ. તે કહે—'મા, મને ખબ ભૂખ લાગી છે !'

મા કહે—'એટલામાં ? હજી તો થાળામાં લોટ પડ્યો છે !'

મૂરખે કહ્યું—'તો લોટ આપ !'

માને આ સાંભળી ચીડ ચીડી. એ બોલી ઊઠી : 'લે મારા રોયા, તારા મોઢે લોટ ચોપડ !'

મૂરખે લોટ લઈને મોઢે ચોપડવા માંડયો. ભૂખ લાગી છે એ વાત એ ભૂલી ગયો !

એટલામાં બહારથી ગોવિંદાએ બૂમ મારી: 'મૂરખલાલ ! ચાલ રમવા !'

લોટવાળા મોંએ મૂરખલાલ ગોવિંદાની સાથે રમવા દોડી ગયો.

ગામ બહાર બધા છોકરા 'એન ધેન દીવા ધેન' રમતા હતા. મૂરખ પણ ભેગો જોડાઈ ગયો.

ડાહીએ ઘોડાની આંખો બંધ કરી બૂમ મારી—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઐનઘેન ! દીવા ઘેન !
ડાહીનો ઘોડો પાણી.....

બધા છોકરા સંતાઇ ગયા હતા, પણ એકલો મૂરખ વચમાં ઊભો હતો.

ડાહીએ બૂમ મારી: ' મૂરખ ! સંતાઇ જા ! હમણાં ઘોડો છૂટે છે. '

મૂરખે કહ્યું: ' પણ હું કયાં સંતાઇ જાઉં ? '

ડાહીએ કહ્યું: ' ગમે ત્યાં. '

પણ મૂરખને સંતાવાની જગા જડતી નહોતી. તે વિચાર કરતો હતો કે ઝાડની પાછળ સંતાઉં ને વખતે ઝાડ માથા ઉપર પડે તો ? રસ્તામાં સંતાઉં ને ગાડું માથા ઉપર ફરી વળે તો ?

વિચારમાં ને વિચારમાં તે ઊભો જ રહ્યો.

છેવટે ડાહીએ ઘોડો છૂટો મૂકયો:

ડાહીનો ઘોડો
પાણી પીતો
છૂ.....ટ્યો !

ઘોડાએ લાગલી તરાપ મારીને મૂરખને પકડી લીધો.

હવે મૂરખનો વારો આવ્યો.

પણ આ વખતે ડાહી કહે—' આ ઘોડો નથી. આનું મોં ગોરું છે. હું એને બુઢિયો કહીશ ! '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાં કહે—'બુઢિયો પાણી પીને દોડે નહિ.'

ડાહી કહે—'હું ડાહી છું. હું એને ગોટલો ખવડાવી દોડાવીશ!'

છોકરાં ખૂશ થઈ ગયાં. સૌ દોડીને સંતાઇ ગયાં. ડાહીએ મૂરખની આંખો બંધ કરી બૂમ પાડી—

એન ધેન!
દીવા ધેન!
ડાહીનો બુઢિયો
ગોટલો ખાઇને
છૂ.....ટ્યો!

આમ કહી ડાહીએ એને છોડી દીધો. મૂરખ થોડુંક ચાલીને વિચાર કરવા લાગ્યો કે આમ જઉં કે આમ જઉં! એટલામાં તો બધાં છોકરાં દોડીને ડાહીની પાસે પહોંચી ગયાં, ને બૂમો પાડવા લાગ્યાં: 'બુઢિયા! ગોટલો ખા, ગોટલો!'

મૂરખ કહે—'હું વિચાર કરું છું.'

છોકરાં કહે—'શાનો વિચાર કરો છો, બુઢિયાદાદા?'

મૂરખ કહે—'એ તો હું ભૂલી ગયો! જઉં, મારી માને પૂછી આવું!'

મૂરખ દોટ મૂકી ઘરભેગો થઇ ગયો, પણ શું પૂછવાનું છે તે ઘેર આવતાં ભૂલી ગયો!

❀

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૫ :

મૂરખલાલ ગલુડિયાને ચોરી કરી જતું પકડે છે



મૂરખના ઘર પાસે એક કૂતરી વિયાઇ હતી. તેનું એક ગલુડિયું મૂરખને બહુ ગમતું હતું. તેનું નામ તેણે જાફરિયું પાડયું હતું.

જાફરિયાને લઇને મૂરખ ઘણી વખત રમતો. એક વખત એવું બન્યું કે પાણી પીવા જતાં જાફરિયાનું માથું એક કુલડીમાં ભરાઇ ગયું. જાફરિયું ઉંઉંઉં કરે, પણ કુલડીમાંથી માથું નીકળે નહિ. તેથી ગભરાઇને તેણે દોટ મૂકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ વખતે મૂરખ ઘેર આવતો હતો. જફરિયાને કુલડી સાથે ભાગતો જોઈ એણે બૂમ પાડી: 'અલ્યા એ જફરિયા ! કુલડી ક્યાં લઈ જાય છે ?'

પણ જફરિયાએ કંઈ સાંભળ્યું નહિ.

મૂરખે દોટ મૂકી જફરિયાને પૂંછડીથી ખેંચ્યું. પછી કહે--આવી રીતે તું મારી કુલડી ચોરી જાય તે નહિ ચાલે! મારી કુલડી હું પાછી લેવાનો, લેવાનો ને લેવાનો !'

આમ કહી જફરિયાને ખૂંટા સાથે બાંધી એ ઘરમાં ગયો, ને માના હાથમાંથી શાક સમારવાની છરી ખેંચી લઈને નાઠો.

છરી લઈને મૂરખ શું કરે છે એ જોવા એની મા બહાર દોડી આવી.

મૂરખ છરી લઈને જફરિયાની પાસે ગયો; એ જોઈ એની માએ બૂમ મારી–'અલ્યા એ મૂરખ ! છરી લઈને શું કરે છે !'

મૂરખે તરત જવાબ દીધો–'મા ! જફરિયાએ માથું કુલડીમાં ઘાલ્યું છે, અને હવે જફરિયો કુલડી લઈને નાસી જાય છે; તેથી તેનું માથું કાપી મારી કુલડી કાઢી લઉં છું !'

મૂરખની મા રાડ પાડી ઊઠી–'અલ્યા એ પાપિયા ! જફરિયાનું માથું કાઢવું છે કે કુલડી કાઢવી છે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂરખે કહ્યું: 'જાફરિયો કુલડી લઈને ભાગી જાય છે ખરોને, એટલે પહેલી કુલડી કાઢી લઉં, પછી કુલડી ફોડીને જાફરિયાનું માથું કાઢીશ!'

'અરે મૂઆ! તો પહેલાં જ ફોડી નાખને કુલડી!' આમ કહી માએ જરા જોર કર્યું તો જાફરિયાનું માથું કુલડીમાંથી નીકળી ગયું!

માથું નીકળ્યું કે જાફરિયું જાય દોડ્યું! મૂરખ એને અંગૂઠો દેખાડી કહે–'હવે આવજે કુલડી લેવા! હરામખોર, છે તો વેંત જેવડો ને ચોરી કરતાં શીખ્યો છે!'

મૂરખના હાથમાંથી છરી પડાવી લઈ મા ઘરમાં જતી રહી!

મૂરખ વિચારમાં પડી ગયો કે જાફરિયાનું માથું પણ આખું રહ્યું, ને કુલડી પણ આખી રહી–એ કેવી રીતે બન્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૬ :

મૂરખલાલ બે કેરીઓને ત્રણ ગણે છે



એક દિવસ પશાકાકા બે કેરીઓ લઈને આવ્યા, ને મૂરખને કહ્યું: 'હું તને કેરીઓ આપું, ગણ!'

આમ કહી તેમણે તેના હાથમાં એક કેરી મૂકી કહ્યું: 'આ—'

મૂરખ કહે—'એક!'

પશાકાકાએ બીજી એક કેરી મુરખના બીજા હાથમાં મકી કહ્યું: 'આ—'

મૂરખ કહે—'બે!'

પશાકાકાએ પછી ખાલી ખાલી કહ્યું: 'એક હાથમાં એક અને બીજા હાથમાં બે!—એક અને બે કેટલી થાય?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂરખે હુંશિયારીથી જવાબ દીધોઃ 'ત્રણ !'

પશાકાકાએ કહ્યુંઃ 'તો બધી કેરીઓ કેટલી થઇ ?'

મૂરખ કહેઃ—'ત્રણ !'

પશાકાકા કહે—'બરાબર ! હવે જા, એક કેરી તારી માને આપ, બીજી તારા બાપને આપ, ને ત્રીજી તું ખાઇ જા !'

ખુશ થતો મૂરખ ઘરમાં ગયો. એક કેરી માને આપી,—બીજી બાપાને આપી અને ત્રીજી—ત્રીજી કેરી હાથમાં હતી જ નહિ !

તેણે પશાકાકાને કહ્યુંઃ 'પશાકાકા, મારા ભાગની કેરી કયાં ગઇ ?'

પશાકાકા કહે—'હું શું જાણું, ભાઇ ! મેં તો તને ગણીને ત્રણ કેરીઓ આપી હતી !'

મૂરખ વિચાર કરીને કહે—'વાત તો ખરી ! તમે મને ગણીને ત્રણ કેરીઓ આપી હતી. મેં એક બાને આપી, બીજી બાપાને આપી, અને ત્રીજી—'

આમ કહી એ માથું ખંજવાળવા લાગ્યો.

પશાકાકા કહે—'ત્રીજી તું ખાઇ ગયો !'

મૂરખ કહે—'વાહ ! તમે આપી કયારે ને મેં ખાધી કયારે !'

પશાકાકા કહે—'મેં આપી આજે—હમણાં, ને તેં ખાધી કાલે—ગઇ કાલે !'

મૂરખ કહે—'હા ! ઠીક યાદ દેવડાવ્યું ! ત્રીજી કેરી હું કાલે ખાઇ ગયો !'

પશાકાકા કહે—'મૂરખ ! અસલ મૂરખ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૭ :

મૂરખલાલ પૂંછડું બાંધી કૂદે છે



મૂરખ પશાકાકાની સાથે સરકસ જોવા ગયો. સરકસમાં કેટલાક ખેલાડીઓ ઊંચે ચડીને હીંચકા ખાતા હતા, ગુલાંટ ખાતા હતા, તથા ભૂસકા મારતા હતા. એક વિદૂષક હતો. તેણે ચટાપટાવાળો રમૂજી પોષાક પહેર્યો હતો, માથે જાંગલા ટોપી પહેરી હતી, અને પીઠે લાંબું પૂંછડું બાંધ્યું હતું. તે પણ બીજા ખેલાડીઓની માફક કૂદાકૂદ કરતો હતો.

ખેલાડીઓ ઊંચે હીંચકા પર ચડ્યા, ને ઊંધે માથે ઝોલો ખાવા લાગ્યા. પછી કૂદીને, ગુલાંટ ખાઈને એક બીજાના હીંચકા પર પડવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો એમનું કામ જોઈ, ખુશ થઈ તાળીઓ પાડવા લાગ્યા.

પછી પેલો વિદૂષક હીંચકે ચડ્યો. બે ચાર ઝોલા ખાઈ, એ બીજા હીંચકા પર કૂદવા ગયો, પણ ધબાક કરતો નીચે પડ્યો.

આ જોઈ મૂરખે પશાકાકાને કહ્યું : 'આ કેમ પડી ગયો ?

પશાકાકાએ કહ્યું : 'એની પૂંછડી હજી કાચી છે !'

મૂરખે કહ્યું : 'પણ પેલા કૂદી ગયા એમને તો પૂંછડી નથી !'

પશાકાકાએ કહ્યું: 'પહેલાં હતી, પણ પછી પાકી થઈ એટલે ખરી પડી ! પૂંછડી વગર માણસથી કુદાય જ નહિ !'

મૂરખે કહ્યું: 'હું પૂંછડી બાંધું તો મારાથી કુદાય ?'

પશાકાકાએ બોલી નાખ્યું: 'ઘેર જઈને કરી જોજે !'

બીજે દિવસે મૂરખે ચકલાના ઓટલા ઉપર સરકસ કાઢ્યું. પોતે ઘોડો બનીને ખૂબ દોડ્યો, પછી પૂંછડું બાંધીને ઓટલા ઉપરથી એણે હવામાં ભૂસકો માર્યો !

ઓટલો બહુ ઊંચો નહોતો, પણ મૂરખલાલનો પગ અમળાઈ ગયો, ઢીંચણ છોલાઈ ગયો, પૂંછડી છૂટી પડી, ને મોઢામાં પાશેરેક ધૂળ પેસી ગઈ !

છોકરાંએ તાળીઓ પાડી !

ચાર દિવસે મૂરખલાલ સાજા થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૮ :

મૂરખલાલ બોડિયો કાગળ વાંચે છે !



એક વખત પડોશણ મંછી મૂરખલાલની પાસે કાગળ વંચાવવા આવી.

મૂરખલાલ રોજ નિશાળે જતો, પણ ભણવા ગણવાને નામે મોટું મીંડું હતો. છાપેલી ચોપડી વાંચતાં એની આંખમાં પાણી આવતાં, તો હાથે લખેલો કાગળ તે કેમ કરી વાંચી શકવાનો હતો ? વળી આ કાગળ બોડિયા ભાષામાં, એટલે કાનોમાત્રા વગરની જોડણીમાં લખેલો હતો ! મૂરખલાલ કાગળ હાથમાં લઈને જોઈ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંછી કહે—તારા કાકાનો કાગળ છે, મુંબઇથી આવ્યો છે. શું લખ્યે છે, જરા મોટેથી વાંચ !

પણ મોટેથી શું વાંચે ? એક શબ્દે પૂરો બેસતો હોય તોને ? મૂરખ ગભરાઇ ગયો. જીભના લોચા વાળી તે જેમ તેમ કરી બોલ્યો:-શ ક ક ક મ અ—

આટલું બોલતાં બોલતાં તે રડી પડયો.

મંછીકાકીને થયું કે શકરાકાકા મરી ગયા !

તેણે માથું કૂટી ચીસ પાડી-' હાય હાય રે ! મારું નસીબ ફૂટી ગયું ! ઓચિંતાનું એમને આ શું થઈ ગયું ? ચબરખી લખી લખીને ચાર દિવસ વહેલી લખી હોત તો હું દોડતી મુંબઈ જત—એમનો મોં મેળો તો થાત ! હાય હાય રે ! આ શું થઈ ગયું ? '

મૂરખ બીને કાગળ ફેંકી નાઠો.

મંછી કાકીએ ઘરમાં રડારોડ કરી મૂકી. ઘડીકમાં આડોશ પાડોશમાં વાત જાહેર થઇ ગઇ. ગામનાં બૈરાં મંછીકાકીના આંગણામાં આવી રોવા બેઠાં, જબરી હોય વોય મચી ગઈ !

એટલામાં મંછીકાકીનો એક સગો આવી પહોંચ્યો. તેણે કાગળ જોવા માગ્યો.

કાગળ હાથમાં લેતાં જ તે બોલી ઊઠયો: 'કાગળ તો મારા કાકાએ જાતે લખેલો છે ! '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંછી કહે:—' અક્ષર તો એમના જ છે તો ! પણ જુઓને, એમાં મરી ગયાનું લખ્યું છે ! હાય હાય રે ! મારું નસીબ ફૂટી ગયું !'

સગો કહે—' ફૂટી નથી ગયું, સંધાઈ ગયું છે ! શકરાકાકાને મોટા શેઠે ચડતા પગારે મહિનાની રજા આપી છે, તેઓ ઘેર આવવાના છે ! '

બધી બૈરીઓ કહે—' હેં, ત્યારે મૂરખાએ વાંચ્યો એ કાગળ કિયો ? '

' આ જ, બીજો કિયો ? '

બધાં બોલી ઊઠયાં : ' વાહ નવાઈની વાત ! '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૯ :

મૂરખલાલ પોતાના પગને સજા કરે છે !



શિયાળો હતો. મૂરખની માએ મૂરખને કહ્યું : 'આખો દિવસ કૂદાકૂદ કરે છે, તે જરા ઘી ગોળ ખા, તો પગમાં જોર રહે !'

મૂરખને એ સલાહ બહુ ગમી. હરતાં ફરતાં તેણે ઘરમાં આવી ઘી ગોળ ખાવા માંડયો. ખાતો જાય ને પગને કહેતો જાય: 'ખાએ, ઘી ગોળ ખાએ, ને જોરાવર બનો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘી ગોળ ખાઈને એનામાં જોર પણ ઠીક આવ્યું હતું. આખો દિવસ એ ગામમાં ને સીમમાં ફર્યા કરતો. ઝાડે ચડતો, નદીમાં ભૂસકા મારતો, ને નીત નવી ધિંગામસ્તી કરતો.

એક દિવસ હાથમાં ડંડો લઈને એ ફરતો હતો, એવામાં છાણના પોદળા પર પગ પડતાં, એ લપસી પડ્યો!

જમીન ઉપર એ લાંબો સોડ થઈ ગયો! તરત જ એણે જે પગ લપસી ગયો હતો તેને પકડયો ને જોરથી ડંડે ડંડે ધીબવા માંડયો:- હરામખોર! રોજ ઘી ગોળ ખવડાવું છું તોયે પડી જાય છે! બોલ, લપસી કેમ ગયો? બોલ, પડી કેમ ગયો? આ છાણ તને બહુ ગમે છે કેમ? તો લે, તારા મોં ઉપર એ ચોપડું!'

આમ કહી જાણે પારકા પગને ધીબતો હોય તેમ તેણે પોતાના પગને ધીબી નાખ્યો, ને પછી છાણના લોંદા લઈ એ પગ ઉપર ચોપડયા!

પછી એ ઊભો થવા ગયો, પણ એનાથી ઉઠાયું નહિ. માર ખાઈ ખાઈને પગ સૂઝી ગયો હતો!

પણ બીજો પગ તો સાજો હતો ને? એટલે એણે એ બીજા પગને હુકમ કર્યો—તું ચાલવા માંડ! આ ક્રમબધ્ધ ન આવે તો રહ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કહી તે એક પગે ઊભો થયો. પણ ચાલવા માટે પગલું મૂકવા જતાં તરત પડી ગયો ! આથી એને એ બીજા પગ ઉપર પણ રીસ ચડી. એણે ડંડો ઉગામી કહ્યું: 'તું પણ આના વાદે ચડે છે કેમ ? યાદ રાખ, આ ડંડે ડંડે તને સીધો કરી નાખીશ !'

આમ કહી એણે એ બીજા સાજા પગને પણ ખૂબ ઝૂડી નાખ્યો. બેય પગનાં ઢીંચણાં બરાબર ભાંગી નાખ્યાં.

પછી કહે—'હાશ, મૂરખાઓ ! હવે ચાખો તમારા કરમનું ફળ !'

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૦)

મૂરખલાલ ગધેડાનું પૂંછડું પકડે છે



પોતાના બે પગ ભાંગીને મૂરખલાલ રસ્તામાં પડયો હતો, એવામાં ત્યાં થઈને એક ગાડું નીકળ્યું.

મૂરખને ભૂખ લાગી હતી, તેથી ઘેર જવું હતું; પણ ચલાતું નહોતું. તેથી તેણે કૂદકો મારી ચાલતા ગાડાનું આડું પકડી લીધું.

થોડાં ડગલાં ગયો હશે, ત્યાં ગાડીવાળાએ મૂરખને ગાડા પર લટકતો જોયો. આવા અટકચાળા છોકરાને સીધો કરવો જોઈએ એમ કહી એ બળદ હાંકવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરોણી લઇને ગૂપચૂપ ગાડાંના પાછલા ભાગ તરફ ગયો, ને એકદમ મૂરખના હાથમાં આર દોંચી દીધી.

'ઓ બાપરે!' ની ચીસ પાડી મૂરખલાલ જમીન ઉપર પડી ગયો. એને પડતો જોઈ ગાડીવાળો બોલ્યો: 'કેમ આડું છોડી દીધું, પકડી રાખવું હતું ને! ઠેઠ ઘેર જવાત!'

મૂરખને થયું કે આ સલાહ સાચી છે. ઝાલ્યું તો પકડી રાખવું જોઇએ.

પણ હવે ગાડું આગળ ચાલી ગયું હતું. દોડીને એનાથી એ પકડાય એમ નહોતું, તેથી બીજા કોઈ સાધનની રાહ જોતો એ બેસી રહ્યો, ને મનમાં મનમાં બોલવા લાગ્યો: આ વખતે તો એવું પકડું કે મરું તોયે છોડું નહિ!

એના નસીબે બન્યું એવું કે એટલામાં ત્યાં થઇને એક ગધેડું નીકળ્યું. બરાબર એને અડકીને ચાલ્યું.

મૂરખ મનમાં બોલતો હતો કે એવું પકડું કે મરું તોયે છોડું નહિ. એટલામાં ગધેડાની પૂંછડી જોતાં જ એકદમ એના હાથ લાંબા થઈ ગયા. એણે ફડ દઇને પૂછડું પકડી લીધું.

ગધેડાને નવાઇ લાગી કે કદી નહિ, ને આજે મને આ શું વળગ્યું! એ ભડકીને ભાગ્યું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડાની પાસે થઈને ગધેડું હોંચી હોંચી કરતું પૂરપાટ દોડી ગયું. ગધેડાના પૂંછડે મૂરખને લટકતો જોઈ ગોઠીવાળો બુમ પાડી ઊઠયો: વાહ વાહ ! વાહ વાહ ! અરો ભાયડો હો તો પકડેલું છોડતો નહિ.

ગધેડાએ પાછલા પગથી ધડાધડ લાતો દેવા માંડી. ગધેડાની એ રીતભાત મૂરખને ગમી નહિ, પણ તે મનમાં બોલ્યો : 'ગમે તેમ કર, પણ એકવાર ઝાલ્યું તે છોડવાનો નથી, નથી, ને નથી !'

હોં....ચી હોં....ચી કરતો, લાતાલાતી કરતો, મૂરખને ધૂળ ઢેખાળા સાથે અફાળતો, પછાડતો, ને લોહીલુહાણ કરતો ગધેડો છેક ગામની બજારમાં આવીને ઘુગ્યો. નાનાં ને મોટાં બધાં આ તમાશો જોવા ભેગાં થયાં.

સૌએ બૂમો પાડવા માંડી : 'અલ્યા મૂરખ ! પૂછડું મેલી દે ! મરી જઈશ !'

પણ મૂરખે મનમાં ગાંઠ વાળી હતી કે મરી જાઉં, પણ પૂંછડું છોડું નહિ !

પણ લાતો ખાઈ ખાઈ, ને અથડાઈ કુટાઈ એ એવો બેહોશ બની ગયો હતો કે એનાથી પૂંછડું છૂટી ગયું. એ પડયો ! પણ પડતાં પડતાં ગધેડાની બે લાતો એણે આંઈ લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોએ દોડી આવી મૂરખને ઊંચકી એના ઘર ભેગો કર્યો. દીકરાની આવી દશા જોઈ મા રોવા લાગી. બાપ પણ માથું કૂટવા લાગ્યો.

બીજે દિવસે મૂરખ ભાનમાં આવ્યો, ત્યારે તેને સખત તાવ ચડી ગયો હતો. એનું આખું શરીર સૂઝી ગયું હતું. મહિને જતે તે સાજો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું ચિત્રમય બાલ-કુમાર સાહિત્ય

મૂરખલાલનાં પરાક્રમો સેટનાં	૨–૧૨
ચરીત્ર રત્નો સેટ ૧ લો	૨–૧૨
ચરીત્ર રત્નો સેટ ૨ જો	૨–૧૨
બુદ્ધિનો બાદશાહ સેટના	૨–૧૨
ટાગોરની બાલવાતો	૨– ૦
ચતુર સુજાણ	૧– ૮
બીરબલની ચિત્રમય બાલવાતો	૩–૦
ફતુભા ફાંકડાના પરાક્રમો	૧–૪
કવિ કાલીદાસની બાલવાતો	૨–૮
અમારાં ગીત	૦–૬
રાસ કોકિલા	૦–૭
પાયલ બાજે	૦–૭
મામાનું ઘર કેટલે ?	૨–૦
જાદુઇ ચક્કી	૩–૦
કુમાર કથાઓ	૩–૦
ચાણક્ય	૨–૦
બરફનું રણ	૨–૦
વિક્રમની વાતો	૪–૮
બુદ્ધિ વિલાસ	૫–૦
જય ગુજરાત	૧–૪
દાદાજીનું ડહાપણ	૩–૮
અક્કલ અજમાવો	૩–૦
ખેલાડી	૩–૦
બાટલીનો બૂચ	૩–૦
કીલુ યાને વીંટીની શોધમાં	૨–૦
બાની વાતો	૨–૦
આદમખોરીયાં	૧–૪
સમર્થ રામદાસ	૦–૬

: મળવાનું સ્થળ :

એ ન. એ મ. ઠક્કરની કંપની

બુકસેલર્સ: પબ્લીશર્સ • ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar